# :: પશુ સંશોધન કેન્દ્ર ખાતે હરાજી દ્વારા નિકાલ કરવાના હોય તેવા જાનવરોની યાદી ::

- યાદી નં. ૧ વર્ગ સુરતી ભેંસ/ સંકર ગાય

| અ. નં. | પશુનો નંબર | જન્મ તારીખ | પૂર્ણ કરેલ વેતર | હાલની સ્થિતિ | | તા. ૧૬/૦૧/ ૨૦૨૦ ની સ્થિતિ ગાભણ(P)/ ખાલી(NP) | ધાવતા બચ્ચા નં. | પશુપાલકે ઓફર કરેલ ભાવ રૂ. | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | દુધમાં હોય તો વિયાણ તા. | સર્વિસ અપાવ્યા તા. | | | અંકમાં | શબ્દમાં |
| ૧ | ૬૯/૦૩ | ૨૭/૧૨/૦૩ | ૯ | – | ૦૯/૧૨/૧૯ | - | | | |
| ૨ | ૨૮/૦૮ | ૦૩/૦૯/૦૮ | ૬ | – | ૨૮/૦૩/૧૯ | P | | | |
| ૩ | ૧૭/૦૯ | ૧૦/૦૭/૦૯ | ૬ | ૧૭/૦૯/૧૯ | ૧૦/૧૧/૧૯ | P | | | |
| ૪ | ૫૨/૧૧ | ૧૬/૧૧/૧૧ | ૪ | – | ૨૫/૦૭/૧૯ | P | | | |
| ૫ | ૫/૧૨ | ૧૧/૦૭/૧૨ | ૪ | – | ૦૨/૧૨/૧૯ | - | | | |
| ૬ | ૧૭/૧૨ | ૩૦/૦૯/૧૨ | ૨ | – | ૧૦/૦૫/૧૯ | P | | | |
| ૭ | ૨૫/૧૨ | ૧૨/૧૦/૧૨ | ૪ | ૨૧/૦૯/૧૯ | ૧૩/૦૧/૨૦ | - | F (૩૦/૧૯) | | |
| ૮ | ૩૨/૧૨ | ૩૧/૧૦/૧૨ | ૨ | – | ૧૬/૧૦/૧૯ | P | | | |
| ૯ | ૩૬/૧૨ | ૧૫/૧૧/૧૨ | ૨ | ૧૦/૧૦/૧૯ | ૦૪/૧૨/૧૯ | - | M (૪૩/૧૯) | | |
| ૧૦ | ૦૮/૧૩ | ૦૮/૦૨/૧૩ | ૩ | ૨૯/૦૯/૧૯ | ૨૦/૧૨/૧૯ | - | M (૩૫/૧૯) | | |
| ૧૧ | ૩૪/૧૪ | ૧૦/૧૦/૧૪ | ૧ | ૨૪/૦૯/૧૯ | ૧૫/૧૨/૧૯ | - | M (૩૨/૧૯) | | |
| ૧૨ | ૪૭/૧૪ | ૨૮/૧૦/૧૪ | ૧ | ૧૯/૦૯/૧૯ | ૧૯/૧૧/૧૯ | - | M (૨૯/૧૯) | | |
| ૧૩ | ૬૧/૧૪ | ૧૬/૧૨/૧૪ | ૧ | ૦૨/૧૦/૧૯ | – | - | F (૩૭/૧૯) | | |
| ૧૪ | ૧૨/૧૬ | ૦૧/૦૨/૧૬ | ૦ | ૦૩/૦૨/૧૯ | – | NP | | | |
| ૧૫ | ૫૯/૧૬ | ૧૩/૧૦/૧૬ | ૦ | ૧૧/૦૧/૨૦ | – | – | M (૩/૨૦) | | |
| **સંકર ગાય :–** | | | | | | | | | |
| ૧૬ | ૦૨/૧૧ | ૦૭/૦૬/૧૧ | ૩ | ૧૩/૧૧/૧૯ | ૧૧/૦૧/૨૦ | | F (૧૩/૧૯) | | |
| ૧૭ | ૦૪/૧૨ | ૦૮/૦૩/૧૨ | ૨ | – | ૦૭/૦૫/૧૯ | P | – | | |
| ૧૮ | ૦૪/૧૫ | ૨૨/૦૧/૧૫ | ૧ | ૧૮/૦૬/૧૯ | ૧૮/૦૮/૧૯ | P | – | | |
| ૧૯ | ૧૭/૧૫ | ૨૩/૦૬/૧૫ | ૧ | ૦૫/૦૯/૧૯ | – | NP | F (૯/૧૯) | | |

**પશુપાલકનું નામ :**

**પશુપાલકની સહી:**

**સરનામુ/મોબાઈલ નં. :**

➢ યાદી નં. ૨ – વર્ગ સંકર વોડકી

| અ. નં. | પશુનો નંબર | જન્મ તારીખ | માતા | પિતા | માતાનું મહત્તમ દુધ ઉત્પાદન | ગાભણ કે ખાલી | સર્વિસ અપાવ્યા તા. | પશુપાલકે ઓફર કરેલ ભાવ રૂા. | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | અંકમાં | શબ્દમાં |
| ૧ | ૬/૧૮ | ૧૪/૦૬/૧૮ | ૧૪/૧૫ | ૭/૧૩ | ૩૨૩૩ | NP | – | | |
| ૨ | ૭/૧૮ | ૦૫/૦૯/૧૮ | ૧/૧૧ | ૧/૧૫ | ૩૮૪૬ | NP | – | | |
| ૩ | ૯/૧૮ | ૧૭/૦૯/૧૮ | ૯/૦૯ | ૧/૧૫ | ૩૨૦૬ | NP | – | | |
| ૪ | ૧૨/૧૮ | ૦૧/૧૦/૧૮ | ૬/૦૯ | ૧/૧૫ | ૩૫૨૩ | – | – | | |
| ૫ | ૧૪/૧૮ | ૦૪/૧૧/૧૮ | ૪/૦૬ | ૧/૧૫ | ૪૯૧૬ | – | – | | |
| ૬ | ૧૫/૧૮ | ૦૯/૧૧/૧૮ | ૧૦/૧૫ | ૧/૧૫ | ૩૬૦૦ | – | – | | |
| ૭ | ૧૬/૧૮ | ૨૮/૧૧/૧૮ | ૨/૧૧ | ૧/૧૫ | ૩૪૭૩ | – | – | | |
| ૮ | ૧૭/૧૮ | ૦૧/૧૨/૧૮ | ૧૮/૧૨ | ૧/૧૫ | ૩૭૬૫ | – | – | | |
| ૯ | ૧૮/૧૮ | ૦૮/૧૨/૧૮ | ૨/૧૩ | ૧/૧૫ | ૩૧૦૪ | – | – | | |

➢ યાદી નં. ૩ – વર્ગ સુરતી પાડી

| અ. નં. | પશુનો નંબર | જન્મ તારીખ | માતા | પિતા | માતાનું મહત્તમ દુધ ઉત્પાદન | તા. ૧૬/૦૧/૨૦૨૦ ની સ્થિતિ | સર્વિસ અપાવ્યા તા. | પશુપાલકે ઓફર કરેલ ભાવ રૂા. | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | અંકમાં | શબ્દમાં |
| ૧ | ૩/૧૬ | ૦૮/૦૧/૧૬ | ૧૬/૧૦ | ૩/૦૭ | ૧૦૨૮.૯ | NP | – | | |
| ૨ | ૫૩/૧૬ | ૨૬/૦૯/૧૬ | ૧૧/૧૨ | PINTU | ૫૬૭.૦ | - | – | | |
| ૩ | ૬૦/૧૬ | ૧૬/૧૦/૧૬ | ૫૧/૧૦ | BIPIN | ૯૬૧.૦ | NP | – | | |
| ૪ | ૧૦/૧૭ | ૨૫/૦૮/૧૭ | ૪૧/૧૧ | ૪/૧૧ | ૧૩૫૦.૦ | P | ૨૦/૧૨/૧૯ | | |
| ૫ | ૧૨/૧૭ | ૨૬/૦૮/૧૭ | ૪૦/૧૩ | ૪/૧૧ | ૮૪૪.૦ | P | ૨૧/૧૧/૧૯ | | |
| ૬ | ૬૧/૧૭ | ૧૭/૧૦/૧૭ | ૩૭/૧૨ | ૪/૧૧ | ૭૩૭.૦ | NP | – | | |
| ૭ | ૬૪/૧૭ | ૨૧/૧૦/૧૭ | ૨૦/૦૮ | ૪/૧૧ | ૧૩૬૮.૦ | NP | – | | |
| ૮ | ૬૭/૧૭ | ૨૫/૧૦/૧૭ | ૨૮/૧૨ | ૪/૧૧ | ૧૦૨૨.૦ | - | ૪/૧૨/૧૯ | | |

**પશુપાલકનું નામ :**

**પશુપાલકની સહી:**

**સરનામુ/મોબાઈલ નં. :**

# <u>પશુ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી ખાતેથી વધારાના જાનવરો વેચાણ માટે</u>

**<u>જાહેર હરાજીની શરતો :–</u>**

૧. જે ઈસમ હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા હોય તે પશુપાલક હોવા જોઈએ અને જાનવર પશુપાલન વ્યવસાય માટે લઈ જવાના છે તેવો દાખલો સરપંચ કે તલાટી કમ મંત્રીનો અથવો શહેરી વિસ્તારમાં જે તે વોર્ડના મ્યુ.કોર્પોરેટરની સહીવાળો આપવાનો રહેશે. તેમજ હરાજીમાં ભાગ લેનાર ઈસમે પોતાનું આધાર કાર્ડ/વોટર કાર્ડ જેવા માન્યતા પ્રાપ્ત ઓળખના પુરાવા આપવાના રહેશે. તમામ દાખલાઓ ટેન્ડર સાથે જોડવાના રહેશે.

૨. જો કોઈ જીવદયા સાથે સંકળાયેલ સંસ્થા પશુઓ ખરીદવા માંગે તો તેનાં NGO/ટ્રસ્ટનાં રજીસ્ટ્રેશન નંબર વગેરે આધાર પુરાવા રજુ કરવાના રહેશે તેમ છતા સંસ્થાને જાનવરો આપવા કે ન આપવા તેનો નિર્ણય સમિતિને અબાધીત રહેશે.

૩. હરાજીમાં ભાગ લેનાર પશુપાલકે નિયત ટેન્ડર ફોર્મ કચેરી ખાતેથી રૂા. ૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) ટેન્ડર ફી ભરી ખરીદવાનુ રહેશે. ટેન્ડર ઓનલાઈન ન.કૃ.યુ., વેબસાઈટ www.nau.in પરથી પણ ડાઉનલોડ કરી શકાશે. પરંતુ આવા ફોર્મ માટે ટેન્ડર ફોર્મ ભરતા સમયે તેની સાથે રૂા. ૫૦૦/– ફી ની રસીદ અથવા રૂા. ૫૦૦/– ની કિંમતનો " RESEARCH SCENTIST, LRS " ના નામનો ડી.ડી. ફરજીયાત જોડવાનો રહેશે.

૪. ટેન્ડર ફોર્મ સાથે ઈ.એમ.ડી. તરીકે રૂા. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો માન્યતા પ્રાપ્ત બેંકનો ડી.ડી. " RESEARCH SCENTIST, LRS " ના નામનો જોડવાનો રહેશે. જેમણે ડી.ડી. ટેન્ડર સાથે જોડેલ ન હોય તો તેવા પશુપાલકે હરાજીના/ટેન્ડર ખોલવાના દિવસે રોકડા રૂા. ૧૦,૦૦૦/– જમા કરાવવાનો રહેશે. અસફળ રહેલા પશુપાલકોને ડિપોઝીટની રકમ પરત કરી આપવામાં આવશે પરંતુ ટેન્ડર ફી પરત કરવામાં આવશે નહી.

૫. પશુઓ ખરીદવા માંગતા પશુપાલકોએ ટેન્ડરમાં જણાવેલ પશુઓની વિગત સામે પોતાના ભાવ દર્શાવવાના રહેશે. કોઈપણ પશુપાલક એક કે વધુ પશુઓ ખરીદવા માટે ભાવ ભરી શકશે.

૬. આપનો ભાવ આ સાથેના નિયત ટેન્ડર ફોર્મમાં ભરી તેમાં માંગ્યા પ્રમાણે માહિતી ભરી સહી કરી તેને બંધ કવરમાં મુકી તેની પર **" પશુ સંશોધન કેન્દ્ર ખાતેનાં પશુ ખરીદવાના ભાવ "** એમ લખાણ કરી **<u>તા. ૦૭/૦૩/૨૦૨૦</u>** સુધીમાં **સંશોધન વૈજ્ઞાનિકશ્રી, પશુ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬ ૪૫૦** સરનામે મળે તે રીતે પોષ્ટ/કુરીયરથી મોકલી આપવાના રહેશે.

૭. ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ થયા બાદથી તમામ જાનવરો જાહેર રજાના દિવસો સિવાય સવારે ૦૯:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમ્યાન જોવા મળશે. જેથી જાનવરો લેવા ઈચ્છુક ઈસમોએ હરાજીના દિવસ પહેલા કેન્દ્ર ખાતે આવી જાનવરો જોઈ જવાના રહેશે. હરાજી શરૂ થયાના બે કલાક પહેલા કોઈપણ ઈસમને પશુઓના કોઈ પણ શેડમાં પ્રવેશ સંપુર્ણપણે પ્રતિબંધિત રહેશે.

૮. ટેન્ડર **<u>તા. ૧૨/૦૩/૨૦૨૦ ના રોજ ૦૯:૦૦</u>** કલાકે ખોલવામાં આવશે તે સમયે ટેન્ડર ભરનાર દરેક પશુપાલકે ફરજીયાત હાજર રહેવાનું રહેશે. ટેન્ડર ખોલ્યા બાદ જરૂર જણાયે સમિતિ અમુક/બધા જાનવરોની સ્થળ પર જાહેર હરાજી કરશે જેમાં ટેન્ડર ભરનાર દરેક પશુપાલક ભાગ લઈ શકશે.

૯. જે પશુપાલકે અનામતની રકમ સાથે ટેન્ડર ભર્યુ હશે તેવા જ પશુપાલકો હરાજીમાં ભાગ લઈ શકશે. તેની સાથે મદદગારી કરવા માટે અન્ય કોઈ જ ઈસમને સાથે રાખવાની મંજુરી આપવામાં આવશે નહી. અનામતની આ રકમ હરાજી પૂર્ણ થયેથી તે જ દિવસે પરત કરવામાં આવશે. હરાજી શરૂ થયા બાદ કોઈપણ ઈસમની ડીપોઝીટ સ્વીકારવામાં આવશે નહી.

૧૦. હરાજીમાં જેના નામે ડિપોઝીટ ભરી હોય તે એક જ વ્યકિત હરાજીના સ્થળ સુધી આવી શકશે તેમજ હરાજીના સ્થળે મોબાઈલ ફોન વાપરવા પર પ્રતિબંધ રહેશે. તેમ છતા પણ કોઈ ઈસમ સાથે અન્ય ઈસમ જોવા મળશે તો તેને હરાજીમાંથી બાકાત રાખવામાં આવશે.

૧૧. માંગણીદારની માંગણી મંજૂર કરવામાં આવ્યેથી તેમણે **૨૫%** રકમ તાત્કાલીક ભરવાની રહેશે અન્યથા તેમની માંગણી રદ કરી ત્યાર પછીના બોલીવાળા ઈસમની માંગણી મંજૂર કરવામાં આવશે. માંગણીની બાકી રકમ હરાજીના તારીખથી **ત્રણ** દિવસમાં ભરપાઈ કરી જાનવર લઈ જવાનું રહેશે.

૧૨. બોલીની રકમ પુરેપૂરી ભરપાઈ કરેલ હશે પરંતુ જાનવર લઈ જવામાં દસ દિવસ કરતા વધારે વિલંબ થશે તો પુખ્ત જાનવર દીઠ દૈનિક રૂા. **૧૫૦**/–(એકસો પચાસ પુરા) અને નાના જાનવર દીઠ દૈનિક રૂા. **૭૫/–(પચ્ચોતેર પુરા)** નિભાવ ખર્ચ પેટે વસુલ કરવામાં આવશે. આવા જાનવરો વધુમાં વધુ **૨૦** દિવસ સુધી ખરીદનારના જોખમે નિભાવવામાં આવશે. ત્યારબાદ ભરપાઈ કરેલ રકમ જપ્ત કરી જાનવર આપવામાં આવશે નહી.

૧૩. જાનવરની ઉપલ્બધ માહિતી www.nau.in પર ટેન્ડર ફોર્મ સાથે અગાઉથી જ મુકવામાં આવશે તેમજ તેને હરાજી સમયે પણ ટુંકમાં આપવામાં આવશે. છતાં ઈસમે પોતાની જાતે જ હરાજીના અગાઉના દિવસે કચેરી સમય દરમ્યાન આવી રૂબરૂ જોઈ તપાસી શકે છે. હરાજી પુરી થયા બાદ કોઈ પણ જાતની ફરીયાદ પર ધ્યાન આપવામાં આવશે નહી.

૧૪. જાનવરને લઈ જવા માટે દોરડાની તેમજ તેને વાહનમાં લોડીંગ કરવાની વ્યવસ્થા લઈ જનારે જાતે જ કરવાની રહેશે.

૧૫. વાહનમાં જાનવર લઈ જનારે સરકારશ્રી/આર.ટી.ઓ. નિયમ અને ધારાધોરણો મુજબ જાનવરો વહન કરવાનાં રહેશે.

૧૬. સંજોગોવસાત યુનિવર્સિટીના સત્તાધિશો તરફથી ઉપરોકત શરતોમાં કોઈપણ ફેરફાર કરવામાં આવે તો માન્ય રાખવાના રહેશે પડશે તે અંગે કોઈ તકરાર સ્વીકારવામાં આવશે નહી. તેમજ જાનવરોને હરાજીથી વેંચાણ અંગેનો આખરી નિર્ણય કમિટિને આધિન રહેશે જે ખરીદનાર પશુપાલકને બંધનકર્તા રહેશે.

૧૭. વાંધા/તકરારના કેસમાં કાનુની કાર્યવાહી માટે અધિકારક્ષેત્ર નવસારી રહેશે.

ઉપરોકત શરતો મને કબુલ મંજુર છે.

**તા :**

**પશુપાલકની સહી :**

**પશુપાલકનું નામ :**

**સરનામુ :**

# – :: જાહેર હરાજી ::–

પશુ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, એરૂચાર રસ્તા, નવસારી (ફોન : ૦૨૬૩૭–૨૮૨૪૬૫) ખાતેથી વધારાના પશુઓની (ગાય–ભેંસ વર્ગના) યથાસ્થિતિમાં વેચાણ કરવા માટે ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરૂ ટેન્ડર ફોર્મ કચેરી સમય દરમ્યાન જાહેર રજાના દિવસો સિવાય રૂા. ૫૦૦/– રોકડા ભરવાથી મળી શકશે અથવા ન.કૃ.યુ.ની વેબસાઈટ www.nau.in પરથી ડાઉનલોડ થઈ શકશે. રસ ધરાવતા પશુપાલકે ટેન્ડર ફોર્મ સાથે દર્શાવેલ શરતો વાંચી સમજી અને જાનવરની વિગત સમજયા બાદ માંગ્યા પ્રમાણે ટેન્ડર ફોર્મમાં ભાવ ભરી સ્વખર્ચે તા.૦૭/૦૩/૨૦૨૦ પહેલા અત્રેની કચેરીએ પહોંચે તે રીતે પોષ્ટ/કુરીયરથી મોકલી આપવાનું રહેશે. આવેલ ભાવ તા.૧૨/૦૩/૨૦૨૦ ના રોજ ૯:૦૦ કલાકે કમિટી દ્વારા, ટેન્ડર ભરેલ હોય તેવા તમામ પશુપાલકોની હાજરીમાં ખોલવામાં આવશે. આવેલ ભાવ કમિટીને યોગ્ય ન લાગશે તો તે જ સમયે અને સ્થળે જાહેર હરાજી કરવામાં આવશે જેમાં ફકત ટેન્ડર ફી તથા ઈ.એમ.ડી. સાથે ટેન્ડર ભર્યુ હોય તેવા પશુપાલક ભાગ લઈ શકશે. તો રસ ધરાવતા પશુપાલકોને હરાજીની શરતો મુજબ ભાગ લેવા જણાવવામાં આવે છે.

**સંશોધન વૈજ્ઞાનિક**
**પશુ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી**